ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં મંજુર થયેલ મહેકમ પૈકી ફિક્સ પગાર આઉટ સોર્સીંગ દ્વારા ફરજ બજાવતા કર્મચારીઓના પગાર વધારા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્ર: SCW-૧૦૧૬-૫૦૬૫૯૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૪/૧૦/૨૦૧૭.

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૯/૧૨/૨૦૦૦ નો ઠરાવ ક્ર: એસસીડબ્લ્યુ/૧૦૯૭/ન.બા.૩૩/ગ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૮/૦૬/૨૦૧૧ નો ઠરાવ ક્ર: પરચ-૧૦૨૦૦૧-૧૦૯૦-ગ.

(૩) ગુજરાત સાફાઇ કામદાર વિકાસ નિગમનો તા. ૨/૦૯/૨૦૧૬ નો પત્ર ક્ર: ગુસકાવિનિ/મહેકમ/પગાર વધારો/૨૦૧૬-૧૭/૧૫૩૪.

ઠરાવ:

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી મંજુર કરેલ મહેકમ માટે ફિક્સ પગારથી આઉટ સોર્સીંગ દ્વારા ફરજ બજાવતા કર્મચારીઓ માટે પગાર નક્કી કરવામાં આવેલા હતા. જેમાં સમયાંતરે ઉપરોક્ત વંચાણે લીધેલા તા. ૧૮/૦૬/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક (૨) થી વધારો કરવામા આવેલ હતો. આ નક્કી કરવામાં આવેલા ફીક્સ પગારમાં વધારો કરવાની બાબતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા દરખાસ્ત ક્રમાંક (૩) મુજબ કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત વંચાણે લીધેલા ઠરાવ ક્રમાંક (૨) થી આઉટ સોર્સીંગ દ્વારા ફરજ બજાવતા કર્મચારીઓના નક્કી કરેલા ફિક્સ પગાર ને ૬ (છ) વર્ષ જેટલો સમય થઇ ગયેલ હોઇ પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં ફિક્સ પગારથી આઉટ સોર્સીંગ દ્વારા ફરજ બજાવતા વિવિધ સંવર્ગોના કર્મચારીઓ માટે તા. ૧૮/૦૬/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૧-૧૦૯૦-ગ થી નક્કી થયેલા પગારમાં હવે રૂ. ૫૦૦૦ નો વધારો કરવામાં આવે છે.

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં મંજુર થયેલ મહેકમ પૈકી ફિક્સ પગારથી આઉટ સોર્સીંગ દ્વારા ફરજ બજાવતા કર્મચારીઓની ભરતી બાબતની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત ... વિકાસ
... 
ઇનવર્ડ ૧૯૨
તારીખ ૧૨/૧૦/૧૭



(77)

તેઓ કાયમી કર્મચારી તરીકે ના લાભો કે અન્ય હક્ક દાવો કરી શકશે નહી. વધુમાં પ્રસ્તુત સંવર્ગો માટે પારદર્શક પ્રકીયા કરી આઉટ સોર્સીંગથી સેવાઓ મેળવવાની રહેશે.

આ હુકમોનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૫/૦૯/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતી બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
-માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ.
-નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
-નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
-મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
-સિલેક્ટ ફાઇલ.